# ભજન:૬

## રાગ: આધા રે ચંદ્રમાં રાત...

છોડી દો છેડલો નંદદુલારા
શાને કરો શ્યામ આવા ચેનચાળા
ઢોળાશે મહિડાનાં માટ મારાં
શાને કરો શ્યામ આવા ચેનચાળા...છોડી..

તને સ્હેજે શરમના આવે
રોજ મારગમાં મુજને સતાવે
થાશે લોકોમાં વાત, થાયે મનમાં ગભરાટ
મારો છેડો મેલોને તમે કાન કાળા...છોડી..

શ્યામ આવી તે ટેવ નહિ સારી
આમાં હલકાઇ બહાર પડે છે તારી
ઝાઝું કરશોના જોર, બની માખણના ચોર
નહિતર કન્યા નહિ આપે કોઇ ગામવાળા...છોડી..

વાત વધશે તો ઝઘડો થાશે
માર મારા તે હાથનો તું ખાશે
હું તો આહિરની નાર, માટે કરજે વિચાર
આજ "બિંદુ" નહિ સાંખે તોફાન તારા...છોડી